RIGHT TO INFORMATION

अपील अरजी नं. ५६५ ता.१९–१–१२,
फोन नं. ०२६१ २४२३७५१/५१८

અરજદારઃ – શ્રી કપુરદાસ મંગલદાસ કોષ્ટી અને ભોલાપ્રસાદ પાન્ડેય
સામાવાળાઃ – સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કપુરદાસ મંગલદાસ કોષ્ટી અને ભોલા પ્રસાદ પાન્ડેયની તા. ૧૫–૧૨–૧૧ની અરજીથી ડિંડોલી રોડ, અંબિકાનગર, રશ્મી એજયુકેશન ટ્રસ્ટ ધ્વારા સંચાલિત જ્ઞાનભારતી વિદ્યાલયના બાંધકામ બાબતે મુદ્દાનં.(૧) બાંધકામ માટેની મંજુરી અંગેનું પ્રમાણપત્ર (૨) બાંધકામનું ક્ષેત્રફળ (૩) બાંધકામ અંગેનું બી.યુ.સી.નું પ્રમાણપત્ર વિ. મુદ્દા નં.(૧)થી (૮)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૯–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૬૫/૨૦૧૧–૧૨

શ્રી કપુરદાસ મંગલદાસ કોષ્ટી અને ભોલાપ્રસાદ પાન્ડેયની તા. ૧૫–૧૨–૧૧ની અરજીથી ડિંડોલી રોડ, અંબિકાનગર, રશ્મી એજયુકેશન ટ્રસ્ટ ધ્વારા સંચાલિત જ્ઞાનભારતી વિદ્યાલયના બાંધકામ બાબતે મુદ્દા નં.(૧) બાંધકામ માટેની મંજુરી અંગેનું પ્રમાણપત્ર (૨) બાંધકામનું ક્ષેત્રફળ (૩) બાંધકામ અંગેનું બી.યુ.સી.નું પ્રમાણપત્ર વિ. મુદ્દા નં.(૧) થી (૮)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૯–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો બાંધકામ રજીસ્ટર પરથી સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૯૬ તા.૨૭–૧–૧૨ થી** સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને નિર્દિષ્ટ મિલ્કતના ટી.પી.નં.,રે.સર્વે નં., ફા.પ્લોટ નં. અગર ઓળખની ચોકકસ દફતરી વિગતો સ્પષ્ટ કરવા તેમજ તેવી વિગતો જાહેર માહિતી અધિકારીને રજૂ કરી કે સંપર્ક કરી માહિતી મેળવવા કોઈ પ્રયત્ન કરેલ હોય તો હકીકત સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૫–૧૨–૧૧ ની અરજીથી રશ્મી એજયુકેશન ટ્રસ્ટ ધ્વારા સંચાલિત જ્ઞાનભારતી વિદ્યાલયના બાંધકામની મંજુરી અંગેની મુદ્દા નં.૧ થી ૮ ની બાંધકામ બાબતેની માહિતી માંગતી અરજી મ્યુ. કમિ.શ્રી સુમપાને સંબોધતી અરજી મધ્યસ્થ કચેરી સુરત મહાનગરપાલિકા ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદારે અરજીની વિગતે તા.૧૯–૧–૧૨ ના રોજ અપીલ અરજી કરવામા આવેલ.જેના અનુસંધાને અરજદારને અપીલ તબકકે નિર્દિષ્ટ મિલ્કતના ટીપી નંબર, રે.સ. નંબર, ફા.પ્લોટ નંબર અગર મિલ્કતની ઓળખની ચોકકસ દફતરી વિગતો સ્પષ્ટ કરવા તેમજ તેવી વિગતો જાહેર માહિતી અધિકારીને રજૂ કરી કે સંપર્ક કરી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ હોય તો હકીકત સ્પષ્ટ કરવા જણાવેલ. પરંતુ અરજદાર તરફથી અપીલ સાથે કે અપીલ તબકકે તક આપવા છતાં કોઈ વિગતો રજૂ કરેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પડાયેલ હોય તેવું જણાતું નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈએકટની કલમ–૮,૯ કે ૧૧ અપવાદનું કોઈકારણ જણાવેલ હોઈ તેવું જણાતુ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૯–૧–૧૨ ધ્યાને લેતાં ૧૭–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૦૩–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૫–૧૨–૧૧ ની અરજી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ જરૂર જણાયે મિલ્કતની ઓળખ બાબતે અરજદાર પાસેથી સ્પષ્ટતા માંગી સ્પષ્ટતા મળ્યેથી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી કપુરદાસ મંગલદાસ કોષ્ટી અને ભોલા પ્રસાદ પાન્ડેય